# ખેડબ્રહ્મા શહેરમાં તસ્કરો ત્રાટકયા બે મંદિરોને નિશાન બનાવ્યા

ખેડબ્રહ્મા, તા.૧૯

સમગ્ર જિલ્લામાં ઠંડીએ જોર પકડયુંછે. ઠંડીનુંપ્રમાણ વધ્યુંછે. ત્યારે લોકો વહેલા ઘરમાં જતા રહે છે. જેના કારણે રસ્તાઓ સુમસામ થઈ જતા નિશાનચરો તેનો લાભ લઈ સક્રીય થઈ રવિવારે રાત્રે ખેડબ્રહ્મા શહેરમાં બે મંદિર તથા એક મકાનનું તાળુ તોડી નાંખી અંદાજીત ૭ હજાર જેટલી રકમની ચોરી કરી પલાયન થઈ ગયા હતા.

ખેડબ્રહ્મા શહેરમાં ગત રવિવારે રાત્રે અજાણ્યા ઈસમોએ બે મંદિરની દાનપેટી ચોરી તથા એક મકાનનું તાળુ તોડતા પાડોશી જાગી જતા પલાયન થઈ ગયા હતા. ખેડબ્રહ્મા શહેરના નવા મારવાડામાં તાજેતરમાં બનાવેલ નવીન હનુમાનદાદાના મંદિરમાંથી તસ્કરો દાનપેટી ઉઠાવી લઈ ગયા હતા જેમાં અંદાજી બે હજાર પાંચસો જેટલી રકમ હોવાનું જાણવા મળેલ છે. જયારે શહેરના હાર્દસમા રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલ શ્રીપાદે મંદિરની



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

પણ દાન પેટી ઉઠાવી લઈ ગયેલ. ચોર ઈસમોને ત્યાંથી પણ પાંચ હજારની મત્તા લુંટી ગયા હોવાનું જાણવા મળેલ છે. જે દાન પેટી સવારે રેલવે સ્ટેશન પાસેના બાવળના ઝાડ નીચેથી મળી આવેલ હતી. સ્થાનિક લોકોએ રોષ સાથે જણાવ્યું હતું કે નજીકમાં જ સરદાર ચોકમાં પોલીસ પોઈન્ટ હોવા છતાં આ વિસ્તારમાં અવાર નવાર ચોરીના બનાવ બનતા રહે છે. જયારે તલાવડી વિસ્તારમાં રહેતા ગીતાબેન એસ. પટેલના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી તાળુ તોડતા પાડોશી જાગી જતા બુમાબુમ કરતા ૨૦ થી ૨૫ જણનું ટોળું પથ્થરમારો કરી પલાયન થઈ ગયું હતું. તલાવડી વિસ્તારના જયેશ ઠાકોરના જણાવ્યા અનુસાર ૨૦ થી ૨૫ ના ટોળામાં આવેલ તસ્કરો ચડ્ડી બનીયાન ધારી હતા અને હાથમાં નદીના પથ્થર લઈ આવેલ હતા. અમો લોકોએ બુમાબુમ કરતા પથ્થરમારો કરી પલાયન થઈ ગયા હતા. તલાવડી વિસ્તારના રહીશોના જણાવ્યા અનુસાર પોલીસને ફકત હપ્તાલેવામાં રસ છે. અહીંના રહીશોએ વારંવાર થતી ચોરીને લઈ હનુમાનજી મંદિર નજીક કાયમી પોલીસ પોઈન્ટ ફાળવવા લેખીત માગણી કરવામાં આવી હતી.

## ગુજરાતમાં ૨૨મીથી બુથ ચલો ઝુંબેશ શરૂ

ગાંધીનગર, તા.૧૯

પ્રદેશ પ્રવક્તા આઈ કે જાડેજાએ જણાવ્યુંછે કે, આગામી તા. ૨૨, ૨૩, ૨૪ જાન્યુઆરી ૨૦૧૫ એમ ત્રણ દિવસ દરમિયાન સમગ્ર રાજ્યમાં ભાજપા દ્વારા બુથ ચલો સદસ્યતા અભિયાન હાથ ધરવામાં આવશે. અભિયાનની વિગતો આપતા જાડેજાએ જણાવ્યું હતું કે, આ ત્રણ દિવસ દરમિયાન મંડલથી લઈને પ્રદેશ કક્ષા સુધીના તમામ પદાધિકારીઓ સદસ્યતા અભિયાનની આ ઝુંબેશમાં જોડાશે. મંડલ કારોબારી, મંડલ મોરચા-સેલ કારોબારી સ્તરેથી ઉપરની કક્ષાના સંગઠનના તમામ હોદ્દેદારો ત્રણ દિવસ દરમિયાન પોતાના બુથમાં સંપર્ક કરી ઓનલાઈન સદસ્યતા અભિયાન અંતર્ગત સદસ્યો બનાવશે. નગરપાલિકા મહાનગરપાલિકા, તાલુકા પંચાયત-જીલ્લા પંચાયતના ચૂંટાયેલા ભાજપાના પ્રતિનિદિઓ, ધારાસભ્યો, સંસદ સભ્યો આ ત્રણ દિવસ દરમિયાન પોતાના વિસ્તારમાં બુથ ચલો સદસ્યતા અભિયાન અંતર્ગત ઓનલાઈન સદસ્યતાની ઝુંબેશ હાથ ધરશે.



## ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલના કંપાઉન્ડમાં કચરાના ઢગ

ખેડબ્રહ્મા શહેરમાં આરોગ્યની સેવાઓ આપતી જનરલ હોસ્પિટલ કંપાઉન્ડમાં કચરાના ઢગ થઈ ગયા છે છતાં કોઈ પગલા લેવામાં આવતા નથી. કેન્દ્ર અને ગુજરાત સરકાર દ્વારા છેલ્લા કેટલાય સમયથી સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે, પણ ખેડબ્રહ્માની જનરલ હોસ્પિટલના કંપાઉન્ડમાં હરીઓમ કોમ્પલેક્ષ કોર્નર પર છેલ્લા કેટલાય સમયથી કચરાના ઢગ થયેલા છે. આ કચરાના ઢગના કારણે દુકાનદારો પોતાની દુકાનોમાં બેસી શકતા નથી. કંપાઉન્ડની સામે સોમનાથ કોમ્પલેક્ષ, હરીઓમ કોમ્પલેક્ષની મળી ૩૦ જેટલા દુકાનદારો ત્રાસી ગયેલ છે. કચરો નાખી નાખી હાલમાં આ જગ્યા પર નાની ટેકરીનુ સ્વરૂપ ધારણ કરી લીધુ છે. વિનોદભાઈ પટેલના જણાવ્યા અનુસાર અનેકવાર રજુઆતો કરવા છતાં તંત્ર દ્વારા ફક્ત ઠાલા વચનો આપી દેવામાં આવે છે. જનરલ હોસ્પિટલના અધિક્ષક બી.એમ. ઔદિચ્યના જણાવ્યા અનુસાર આ કચરો સામે રહેતા રહીશો દ્વારા નાખવામાં આવે છે જે અંગે તેમને કચરો ન નાખવા જણાવી દેવામાં આવ્યુ છે અને કચરો હટાવવા માટે નગરપાલિકાને લેખીત જાણ કરી દેવામાં આવી છે. ભવિષ્યમાં અહી કચરો જમા ન થાય તે માટે પુરતા પગલા લેવામાં આવશે. (તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

## અમદાવાદમાં મલેરિયા અને ડેંગ્યુના કેસોમાં ચિંતાજનક વધારો થયો

અમદાવાદ, તા.૧૯

અમદાવાદ શહેરમાં સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા હોવા છતાં રોગચાળાએ આતંક મચાવ્યો છે. મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળાના કિસ્સા જાન્યુઆરી મહિનામાં ઘણા નોંધાતા તંત્રની ઉંઘ હરામ થઈ ગઈ છે. શહેરમાં શિયાળાની ઠંડીની સિઝન ચાલુ હોવાથી મચ્છરજન્ય રોગચારો વકર્યો છે. જાન્યુઆરી મહિનામાં ૧૬ દિવસમાં સાદા મેલેરિયાના ૨૨ કેસો, ઝેરી મેલેરિયાના ૨૯ કેસો, તેમજ ડેન્ગ્યુના ૨૧ કેસો સામે આવ્યા છે. મચ્છરજન્ય રોગચાળાની સાથે સાથે પાણીજન્ય રોગચાળો પણ તેટલી જ ઝડપથી વકરતો ગયો છે. ૧૭ જાન્યુ સુધી ઝાડા ઉલ્ટીના ૨૩૫ કેસ, કમળાના ૧૮૯ કેસો અને ટાઈફોડના ૭૩ કેસો સામે આવ્યા છે.



## બાળલગ્ન : રૂઢિચૂસ્તતા અને વાસ્તવિકતા અંગે શિબિર

ગાંધીનગર તાલુકાના વડોદરા ખાતે સધીમાતાના મંદિરના પટાંગણમાં જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા ‘બાળલગ્ન, રૂઢિચૂસ્તતા અને વાસ્તવિકતા’ અંતર્ગત શિબિર યોજવામાં આવી હતી. આ શિબિરમાં અગ્રણીઓ ધુળાજી ઠાકરોર, ડભોડાના પૂર્વ સરપંચ કનુભાઈ સોલંકી વગેરે સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આ શિબિરમાં ગાયત્રીબેન ઉપાધ્યાયે બાળલગ્ન અટકાવવા જરૂરી માર્ગદર્શન સાથે કાનૂની સલાહ સૂચનો કર્યા હતા અને સમાજમાંથી કુરિવાજોને હાંકી કાઢવા નશ્યત કરી હતી. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# ભાજપ પ્રદેશ મહિલા મોરચાની બેઠકમાં વિવિધ મુદ્દા પર ચર્ચા

ગાંધીનગર, તા. ૧૯

ભાજપ મહિલા મોરચાના પ્રદેશ અધ્યક્ષ ડૉ. જ્યોતિબેન પંડ્યાની અધ્યક્ષતામાં મહિલા મોરચાની પ્રદેશ બેઠક સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલસાણિયા, મહિલા મોરચાના પ્રભારી અને પ્રદેશ મહામંત્રી શ્રી ભરતસિંહજી પરમાર અને મહિલા અને બાળવિકાસ કલ્યાણ મંત્રી શ્રીમતી વસુબેન ત્રિવેદીની ઉપસ્થિતિમાં યોજાઈ હતી.

રાજ્યભરમાંથી ઉપસ્થિત મહિલા મોરચાના અગ્રણીઓને આવકારતા મોરચાના અધ્યક્ષા ડૉ. જ્યોતિબેન પંડ્યાએ મહિલા મોરચા દ્વારા સદસ્યતા અભિયાનમાં થયેલી કામગીરીનો વિસ્તૃત અહેવાલ રજુ કરી ઓનલાઈન સદસ્યતા ઝુંબેશને ઉપાડવા હાંકલ કરી હતી. મહિલા મોરચાના પ્રભારી શ્રી ભરતસિંહજી પરમારે શક્તિ કેન્દ્ર સુધી મહિલા મોરચાના કામને વિસ્તારી આગામી માસમાં વધુમાં વધુ મહિલા ભાજપાના સદસ્ય બને તે અંગે માર્ગદર્શન આપ્યું હતું.

રાજ્ય સરકારના મંત્રી શ્રીમતી વસુબેન ત્રિવેદીએ ફરીદા મીર સહિતના મહિલા ડૉક્ટરોને ઓનલાઈન સદસ્ય બનાવી ભાજપા મહિલા મોરચામાં આવકારી રાજ્ય સરકાર દ્વારા નારી સુરક્ષા, કન્યા કેળવણી મહિલા સશક્તિકરણ સહિતની મહિલા કલ્યાણકારી યોજનાઓની મહિલા કાર્યકર્તાઓને માહિતી આપી હતી. પ્રદેશ સંગઠન પર્વના સહ ઈન્ચાર્જ શ્રીમતી દર્શનાબેન વાઘેલા અને શ્રી કે.સી. પટેલે બુથ ચલો અભિયાનની માહિતી આપી હતી.

પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી ભીખુભાઈ દલસાણિયાએ ભારતીય જનતા પક્ષ અને ભારત દેશની ઓળખ સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ છે તેમ જણાવી સમાજના ચાલકબળ તરીકે મહિલા મોરચો કેવી ભૂમિકા ભજવી શકે તે અંગે માર્ગદર્શન આપ્યુ હતું. તેઓએ આગામી ઓક્ટોબર માસમાં યોજાનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ અને મહિલા ભાગીદારી અને સામાજિક સંરચનાને જોડી સશક્ત ભારત માટે સશક્ત ભાજપની અનિવાર્યતા વિસ્તૃત રીતે સમજાવી હતી.

પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્ ખાતે યોજાયેલી આ બેઠકમાં રાજ્ય સરકાર દ્વારા બોર્ડ-નિગમમાં નિયુક્તિ પામેલ મહિલા મોરચાના કાર્યકર્તાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. બેઠકમાં મહિલા મોરચાના પ્રદેશ મહામંત્રી શ્રીમતી જશુમતીબેન કોરાટ અને શ્રીમતી હેમાલીબેન બોઘાવાલા તેમજ પ્રદેશ મહિલા મોરચાના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.



## લક્ષ્મીપુરા પ્રાથમિક શાળામાં તિથિ ભોજન પીરસાયુ

ખેડબ્રહ્મા નજીકના લક્ષ્મીપુરા ગામે લક્ષ્મીપુરા પ્રાથમિક શાળામાં ભણતા નાના-નાના ભુલકાઓને ગામના દાતાઓ તરફથી તિથિ ભોજન આપવામાં આવ્યું હતું. ખેડબ્રહ્માથી નજીકમાં લક્ષ્મીપુરા ગામ આવેલું છે. જ્યાં પ્રાથમિક શાળામાં પોલિયો રવિવારે ગામના અનામી દાતાઓ તરફથી શાળાના બાળકો માટે તિથિ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અંદાજે ૧૨૫ થી વધારે બાળકોને તિથિ ભોજન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના આચાર્ય જ્યોત્સનાબેન પ્રજાપતિએ દાતાઓને ધન્યવાદ આપ્યા હતા. (વિઠ્ઠલભાઈ સુધાર)

## દેશ માટે શહિદી વહોરનાર સેનાનીઓના પરિવારનું જતન સામાજિક દાયિત્વ

અમદાવાદ, તા.૧૯

વાયુદળની પોતાની સુદીર્ઘ કારકિર્દીદરમિયાન જેમણે ૧૯૬૫ અને ૧૯૭૧ના ભારત-પાક યુધ્ધમાં અપ્રતીમ શૌર્ય દાખવી શૌર્ય, વીરતી અને રાષ્ટ્રપ્રેમનું યશસ્વી ઉદાહરણ પૂરું પાડેલું એવા નિવૃત સેનાનીઓનું ગઈ કાલે સાજે રાજ્યપાલ ઓ.પી.કોહલીના હસ્તે એવોર્ડ એનાયત કરી જાહેર સન્માન કરાયું હતું ગઈકાલે એરફોર્સ એસોસિયેશન, ગુજરાત શાખા દ્વારા આયોજિત વાયુશક્તિ સંધ્યા કાર્યક્રમ અંતર્ગત રાજ્યપાલએ વાયુદળના કુલ સાત સેવાવિવૃત કર્મીઓનું અભિવાદન કરી જણાવ્યું હતું કે આ એ રાષ્ટ્રપ્રેમી કર્મીઓ છે, જેમણે પોતાની યશ્વી કારકિર્દી દરમિયાન માત્ર ભારતીય વાયુદળ, લશ્કર જ નહીં પણ દેશનું ગૌરવ વધાર્યું છે. તેઓના સન્માન દ્વારા આપણે તેમનું ઋણ ચૂકવી રહ્યા છીએ, જે આપણું સામાજિક દાયિત્વ છે.

## બુધવારે સે. ૨-ડીમાં મુકેશ ભટ્ટની ભજન સંધ્યા યોજાશે

ગાંધીનગરના સે. ૨-ડીના ચબુતરા ચોકમાં આવેલ પ્લોટ નં. ૧૬૬૭/૨ ખાતે તા. ૨૧મી જાન્યુઆરી બુધવારે રાત્રે ૯.૩૦ વાગે દિનેશભાઈ વ્યાસ પરિવાર તરફથી ભજન સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભજન સંધ્યામાં અમદાવાદના ગુજરાત ગૌરવ એવોર્ડ વિજેતા પ્રસિદ્ધ ભજનિક મુકેશભાઈ ભટ્ટ ભજનો અને વડીલ વંદના કાર્યક્રમ પ્રસ્તુત કરશે. આ ધાર્મિક કાર્યક્રમનો લાભ લેવા ભાવિક ભક્તોને જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## શબ્દાવલી - ૫૬૨૧

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | ■ | ૫ | ૬ |
| ૭ | | | ■ | ૮ | ૯ | | |
| | ■ | ૧૦ | ૧૧ | ■ | ૧૨ | | ■ |
| | ■ | ૧૩ | | | | ■ | ૧૪ |
| ■ | ૧૫ | ■ | | ■ | ■ | ■ | |
| ૧૬ | | ૧૭ | ■ | ૧૮ | | | |
| ૧૯ | | | ■ | | ■ | ■ | ■ |
| ૨૦ | | ■ | ૨૧ | | | | |

**આડી ચાવી**

૧. ઓથમીજીરૂ, ઉંટીયુ જીરૂ (૫)
૫. અંગ્રેજી માસનો છઠ્ઠો મહિનો (૨)
૭. રાજા, મુસ્લિમ રાજવી (૩)
૮. વાનગી (૪)
૧૦. લુખ્ખી, ધમકી (૨)
૧૨. બીક, ભય (૨)
૧૩. ટીપે ટીપે પડવું (૪)
૧૬. મિજબાની (૩)
૧૮. ઉપકાર કે ગરજને લીધે પરાધીનતા (૪)
૧૯. આંસુથી ભરેલું (૩)
૨૦. ‘તત્ત્વ’ શબ્દ ઊંધો (૨)
૨૧. ખરાબ ચાલચલનવાળુ (૫)

**ઊભી ચાવી**

૧. નકાર કરવો (૪)
૨. ૧ રૂપિયો પચ્ચીસ પૈસા એટલે... રૂપિયો થાય (૨)
૩. સ્વગત બોલ્યા કરવું (૪)
૪. ‘પલ’ શબ્દ ઊંધો (૨)
૫. એક ધાન્ય (૩)
૬. ખ્રિસ્તીમાં વૈરાગ્ય લીધેલ સ્ત્રી (૨)
૯. એક સ્વાદ (૩)
૧૧. જયોતિષીઓ જોષ જોવા... ખોલે (૩)
૧૪. પ્રેમાળ સ્વભાવવાળુ (૩)
૧૫. સંભાળ, પ્રેમથી પાલન કરવી તે (૪)
૧૬. દાસ હોવું તે (૩)
૧૭. તળીયું (૨)
૧૮. વારસ, સંતાન (૩)

### શબ્દાવલી ૫૬૨૦ના જવાબ

**આડી ચાવી :-** (૧) અકબંધ (૬) વાડી જ (૭) જાહોજલાલી (૯) સંગમ (૧૦) ન્યારા (૧૧) સબૂર (૧૩) માસ (૧૪) વારતા (૧૫) હાલા (૧૬) ઓળખાણ (૧૭) કમાલ (૨૦) લલકાર

**ઊભી ચાવી :-** (૧) અવાવરુ (૨) કડી (૩) ધજાગરા (૪) હોજ (૫) ભલીવાર (૮) હોમ (૯) સંન્યાસ (૧૧) સરખામણી (૧૨) બૂતાણ (૧૩) માલામાલ (૧૪) વાળ (૧૫) હાકલ (૧૮) લકા (૧૯) ચાચા

## કંબોઈનો તલાટી રૂ. ૨૦૦૦ની લાંચ લેતા રંગેહાથ ઝડપાયો

શિહોરી, તા. ૧૯

કાંકરેજ તાલુકાના કંબોઈ



ગામના તલાટી પાલનપુર એ.સી.બી.ના છટકામાં આવી ગયા હતા અને વારસાઈની નોંધ કરાવવા બાબતે રૂ. ૨૦૦૦ની લાંચ લેતા રંગેહાથ ઝડપાઈ ગયા હતા.

કાંકરેજ તાલુકાના કંબોઈ ગ્રામ પંચાયતમાં વારસાઈની નોંધ કરાવવા બાબતે તલાટી જીતુ રાવલે અરજદાર ચિનુભાઈ પંચાલ પાસે રૂ. ૨૫૦૦ની લાંચની માંગણી કરી હતી. જેમાં અરજદારે રૂ. ૫૦૦ અગાઉ આપી બાકીના ૨૦૦૦ પછી આપવાનો વાયદો કર્યો હતો અને આ સમગ્ર ઘટનાની પાલનપુર એ.સી.બી. શાખામાં તલાટી વિરૂદ્ધ ફરિયાદ કરી હતી. જેથી પાલનપુર એ.સી.બી.ના પી.એસ.આઈ. કે.સી. પટેલે કંબોઈ ગ્રામ પંચાયતમાં આજે બપોરે ૧૨ કલાકે છટકુ ગોઠવ્યું હતું. જેમાં ફરિયાદી પાસેથી રૂ. ૨૦૦૦ની લાંચ લેતા કંબોઈનાતલાટી રંગેહાથ ઝડપાઈ ગયા હતા. એ.સી.બી.ની ટ્રેપની ઘટનાને લીધે સમગ્ર વિસ્તારના કર્મચારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો.

## કંપની સમાચાર

### ઓપન એજ્યુકેટર્સ એવોર્ડ ૨૦૧૪-૧૫

પ્રસિદ્ધ ગ્રીક વિચારક એરિસ્ટોટલે એક વાર કહ્યું હતું કે, ‘જે લોકો બાળકોને જન્મ આપે છે તેમની તુલનામાં જે લોકો બાળકોને શિક્ષણ આપે છે તેમનું વધારે સન્માન થવુ જોઈએ કારણ કે માતા-પિતા તો જીવન આપે છે પણ, શિક્ષક કઈ રીતે સારૂ જીવવું તે શિખવે છે.’

આ બાબતને ધ્યાનમાં રાખીને માસિક શૈક્ષણિક અખબાર ધ ઓપન પેજને શિક્ષણ આપતા સમુદાય માટે એવોર્ડ સમારંભ શરૂ કરવાની જરૂરિયાત વર્તાઈ. ધ ઓપન પેજ માસિક શૈક્ષણિક સામયિક છે અને તે આધુનિક શાળાઓ અને શિક્ષણ પ્રથાનું પ્રતિબિંબ પાડે છે. આ પ્રકાશન રાજ્યની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ અને શિક્ષકો વચ્ચે ખુલ્લી ચર્ચાનું માધ્યમ પુરૂ પાડે છે. તેની ૧૪ વરસની મજલ દરમ્યાન તે ગુજરાતની અંદાજે ૧,૦૦૦ શાળાઓ સુધી પહોંચ્યું છે. આ પ્રકાશનને ત્રિપજા એજ્યુકેશન ટ્રસ્ટનું પીઠબળ પ્રાપ્ત થયું છે.

આ પ્રસંગે વાત કરતાં ધ ઓપન પેજના સ્થાપક અને મેનેજીંગ ડિરેક્ટર શ્રી અર્ચિત ભટ્ટ જણાવે છે કે, ‘ધ ઓપન પેજ માને છે કે શિક્ષકો સ્વયં સમાજ માટે એક સિરપાવ સમાન હોય છે. જો કોઈ સમાજ શિક્ષકનું બહુમાન કરવા માગતો હોય તો તે એવું હોવું જોઈએ કે જ્યાં શિક્ષકને સારૂ વેતન મળતુ હોય, સમાજના ખોટે રસ્તે દોરનારા આદેશોથી તે મુક્ત હોય અને તેને સન્માન મળતું હોય તેમજ તેમને વિદ્યાર્થીઓને કુશળ અને ઉત્સાહી ભણતર પુરૂ પાડવામાં સહયોગ મળતો હોય.’

શિક્ષણના ઉમદા વ્યવસાયના સન્માન માટે અને શિક્ષક અને શિખરનાર સમુદાયની કદરના ઉદ્દેશથી ધ ઓપન પેજ દ્વારા સૌપ્રથમ એજ્યુકેટર્સ એવોર્ડનું આયોજન કરાયું છે. આ સમારંભ સરદાર પટેલ મેમોરિયલ હોલ ખાતે તા. ૨૮મી જાન્યુઆરીના રોજ સાંજે ચાર વાગ્યાથી શરૂ થશે. ગુજરાતના ગવર્નર શ્રી ઓમપ્રકાશ કોહલી આ એવોર્ડ સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે હાજરી આપીને પ્રસંગના ગૌરવમાં અભિવૃદ્ધિ કરશે. ગુજરાત સરકારના શિક્ષણ, મહિલા અને બાલ કલ્યાણ વિભાગના રાજ્ય કક્ષાના પ્રધાન શ્રીમતિ વસુબેન ત્રિવેદી માનવંતા મહેમાન તરીકે હાજરી આપશે. હરિકૃષ્ણ એક્સપોર્ટસ પ્રા. લિમિટેડના સ્થાપક અને ચેરમેન શ્રી સવજીભાઈ ધોળકીયા સમારંભના વિશેષ અતિથિ તરીકે હાજરી આપશે.

## મંજૂરી અટવાઈ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ વખતે પણ ઈન્સ્પેકશનને પૂર્ણ થયા બાદ બે માસ જેટલો સમય થવા આવ્યો છે પરંતુ તે મળી નથી. મેડીકલ કાઉન્સીલ દ્વારા જો પુન: ઈન્સ્પેકશન આવે તેવી શકયતાઓને ધ્યાને રાખી કોલેજ સત્તાવાળાઓએ તૈયારીઓનો ધમધમાટ પણ આરંભી દીધો છે.

હાલ ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં ૪૫૦ પથારીની સુવિધા છે. હોસ્પિટલનું નવા સંકુલમાં વિધિવત સ્થળાંતર પણ એક માસમાં થઈ જાય તેવી રીતે તૈયારીઓ ચાલી રહી છે.

ગાંધીનગર મેડીકલ કોલેજને ૩ વર્ષ પહેલાં મંજૂરી મળી હતી. ગત વર્ષે પણ મંજૂરી માટે સરકારે બાંહેધરી આપી હોવાનું જાણવા મળેલ છે.

મેડીકલ કોલેજમાં હાલ ૧૫૦ બેઠકો છે અને હજુ શૈક્ષણિક વર્ષ પૂર્ણ થવામાં ચાર માસ જેટલો સમય બાકી છે. પણ જે રીતે ચોથા વર્ષની મંજુરી ઘોંચમાં પડી છે તેને કારણે વિદ્યાર્થીઓના ભાવિ સામે પણ પ્રશ્નાર્થ ઉભો થયો છે.

ગાંધીનગર મેડીકલ કોલેજનું નવુ સંકુલ તૈયાર થઈ ગયુંછે. પરંતુ હોસ્પિટલનું સંકુલ નિર્માણાધીન છે. નવી બિલ્ડીંગનું કામ પૂર્ણ થવામાં હજુ ત્રણેક માસ જેટલો સમય જાય તેમ છે તેથી આ મુદ્દો વિવાદોમાં આવ્યો છે.

## આંદોલન સંપૂર્ણ સમાપ્ત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ઉપરાંત ખેડૂતોની પડતર માંગણીઓ માટે મુખ્યમંત્રીશ્રી ચાર કેબીનેટ કક્ષાના સીનીયર મંત્રીશ્રીની સમિતિની રચના કરી છે તે સમિતિ દર મહિને કિસાન સંઘ સાથે બેસીને તેનો ઉકેલ લાવશે. આગામી વર્ષથી તમામ પાકોના ટેકાના ભાવો નિયત કરવાની પ્રક્રિયામાં રાજયની સમિતિ અને દિલ્હી ખાતેની રજુઆતોમાં સંગઠનને સાથે રખાશે. ભવિષ્યમાં કોઈ પણ ખેત ઉત્પાદન બજારમાં આવે કે તરત જ એમ.એસ.પીથી નીચા ભાવ રહેશે તો પહેલાંથી જ તંત્રને ખરીદી માટે તૈયાર રાખવા અંગે પ્રક્રિયા હાથ ધરાશે. રાજય સરકાર કેન્દ્રમાં તરત જ કપાસ નિકાસ પરના નિયંત્રણો ઉઠાવીને નિકાસ પ્રોત્સાહનો (સબસીડી) આપવા રજુઆત કરશે. કપાસ આયાત પર તત્કાલ પ્રતિબંધ લગાવી એન્ટી ડમ્પીંગ ડયૂટી વધારવા કેન્દ્રમાં રજુઆત કરશે. બાકી રહી ગયેલા પોલીસ કેસો પરત ખેંચવા અંગે ટોચ અગ્રતાએ લઈ તે અંગેની પ્રક્રિયા હાથ ધરવા કિસાન સંઘે રજુઆક કરી જેનો સરકારે હકારાત્મક અભિગમ આપ્યો છે. ટપક પિયત પધ્ધતિમાં વધારાની ૨૫ ટકા સુધીની સહાયની આવતા બજેટમાં જાહેરાત કરવા કિસાનસંઘે સરકારમાં રજુઆત કરી છે.

ચર્ચા વિચારણા અને સમજુતિથી મિટિંગમાં સુખદ સમાધાન થયું છે.

## વર્ચ્યુઅલ ક્લાસરૂમ

● અનુસંધાન પહેલાનું ચાલુ

શાળાઓમાં છે. પ્રથમ સત્રમાં ૩૧ એપિસોડના પ્રસાણ બાદ કરાયેલા મૂલ્યાંકનમાં સારા પરિણામો મળ્યા છે.

ગતિશીલ ગુજરાતમાં પણ આ વર્ચ્યુઅલ ક્લાસરૂમની વાત કરવામાં આવી છે તેમ શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે. આ વર્ચુઅલ ક્લાસરૂમ માત્ર ધો. ૬ પુરતો જ મર્યાદિત છે. આ પરિણામોને જોયા બાદ સરકારે આગળ કેવી રીતે વધવુ તે અંગે વિચારણા કરશે.

વર્ચ્યુઅલ ક્લાસરૂમમાં બાળકોને તજજ્ઞો દ્વારા તૈયાર કરાયેલ સ્ક્રીપ્ટ મુજબ શિક્ષણ આપવામાં આવે છે. એટલુ જ નહિ તેમાં આવતા નવા શબ્દો પણ બાળકો તૈયાર કરે તેનો આગ્રહ રાખવામાં આવે છે.

ગાંધીનગર જિલ્લામાં સ્માર્ટ સ્કૂલની સાથે સાથે વર્ચ્યુઅલ ક્લાસનો આ પાયલોટ પ્રોજેક્ટ પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણને વધુ સઘન બનાવશે તેમ મનાઈ રહ્યું છે.

**રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ યોજના**

**જળ અને સ્વચ્છતા સમિતિ - જાડા, તાલુકો - દિયોદર**

જાડા મુકામે રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ યોજના હેઠળ નીચે મુજબના કામો માટેના ભાવો માન્ય કોન્ટ્રાક્ટરો પાસેથી માંગવામાં આવે છે. કામની કુલ અંદાજીત રકમ કામની સામે દર્શાવેલ છે. કોરા ટેન્ડરો જળ અને સ્વચ્છતા સમિતિ, જાડા દ્વારા તા. ૨૩/૧/૨૦૧૫ સુધીમાં જરૂરી ટેન્ડર ફી, રજીસ્ટ્રેશન નકલ, રાષ્ટ્રીયકૃત બેંકનું સોલવંશી પ્રમાણપત્ર આપવાથી ઈસ્યુ કરવામાં આવશે અને ભાવ ભરી રજી.પો.એ.ડી.થી તા. ૩૦/૧/૨૦૧૫ સુધીમાં જળ અને સ્વચ્છતા સમિતિ - જાડા, તાલુકો - દિયોદરને પરત મોકલવાના રહેશે. કરેલ કામગીરીનું ૯૦% ચુકવણું પાણી સમિતિ દ્વારા કરવામાં આવશે. કોઈપણ જાતનું કારણ આપ્યા વગર આવેલ ભાવો પૈકી કોઈપણ ટેન્ડર મંજુર કરવા કે બધા જ ટેન્ડર રદ કરવાનો અબાધિત અધિકાર અધ્યક્ષશ્રી, યુનિટ મેનેજરશ્રીનો રહેશે. માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.com

| અ. નં. | કામનું નામ | ૧) અંદાજીત રકમ<br>૨) ટેન્ડર ફી રૂ.<br>૩) શ્રેણી |
|---|---|---|
| ૧ | જાડા, તાલુકો : દિયોદર સ્વજલધારા યોજના હેઠળ પાઈપલાઈનનું કામ | ૧) રૂ. ૪,૭૩,૨૦૫.૦૦<br>૨) રૂ. ૬૦૦.૦૦<br>૩) ઈ-૨ કલાસ તથા ઉપર |
| ૨ | જાડા, તાલુકો : દિયોદર સ્વજલધારા યોજના હેઠળ હવાડા અને જમીન તળની ટાંકીનું કામ. | ૧) રૂ. ૪,૭૯,૫૦૧.૦૦<br>૨) રૂ. ૬૦૦.૦૦<br>૩) ઈ-૨ કલાસ તથા ઉપર |

ક્રમાંક : નામાનિ/પાલન/૫૧૨/૨૦૧૪-૨૦૧૫